ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન-૨૦૨૦ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫
ની કલમ-૩૪ હેઠળનો હુકમ

# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, પોરબંદર


જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખા, પોરબંદર

ટેલી.નં.:- ૦૨૮૬-૨૨૨૦૮૦૦, ફેક્સ નં.:- ૨૨૨૦૮૦૧ Email Id :- dismgmt-por@gujarat.gov.in


નં. ડિઝાસ્ટર/COVID-19/૧૮૪/૨૦૨૦(૧) તા.૨૬/૦૪/૨૦૨૦

વંચાણે (૧) આ કચેરીના જાહેરનામા ડિઝાસ્ટર/COVID-19/૧૮૪/૨૦૨૦(૧) તા.૨૫/૦૪/૨૦૨૦

**-:: હુકમ ::-**

આ કચેરીના તા.૨૫/૦૪/૨૦૨૦ના હુકમથી સરકારશ્રીની સુચનાઓ મુજબ માર્કેટ/ માર્કેટ કોમ્પલેક્ષ સિવાયની પોરબંદર જિલ્લામાં નાના મોટા દુકાનદારો, ધંધા વ્યવસાયકારોની દુકાન ચાલુ રાખવા પરવાનગી આપવામાં આવેલ છે. જિલ્લાના અલગ-અલગ શહેરોમાં ગામોમાં જે માર્કેટ આવેલ છે. તે વિસ્તાર લોકોની સરળતા માટે આઈડેન્ટીફાય કરવો જરૂરી જણાતો હોય નીચે મુજબના વિસ્તારોને માર્કેટ તરીકે આઈડેન્ટી ફાય કરવા આથી હુકમ કરવામાં આવે છે. .આ વિસ્તારોમાં તમામ નાના-મોટો દકાનદારોને દુકાન શરૂ કરવા આથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**<u>પોરબંદર શહેરી વિસ્તાર</u>**

(૧) ખાદીભવન-હનુમાનગુફા પોલીસ ચોકી-શિતલા ચોક- માણેક ચોક- મોટી શાક માર્કેટની પાછળનો દેના બેંક વાળો રોડ- તાલુકા પંચાયત કચેરી પાછળથી-જુની કલેક્ટર કચેરીથી- ખાદી ભવન વચ્ચેનો વિસ્તાર

(૨) સોની બજાર

**<u>રાણાવાવ શહેરી વિસ્તાર</u>**

(૧) નટવર ચોક વિસ્તાર- દરબાર ગઢ વિસ્તાર

**<u>કુતિયાણા શહેરી વિસ્તાર</u>**

(૧) ભીંડી બજાર, શાહી બજાર

**<u>સ્પષ્ટતા</u>**

(૧) આ કચેરીના તા.૨૫/૦૪/૨૦૨૦ના હુકમ અનુસાર તમામ વિસ્તારમાં આવેલ માર્કેટ કોમ્પલેક્ષ બંધ રહેશે.

(૨) તમામ વિસ્તારમાં આવશ્યક ચીજ વસ્તુઓની દુકાનો ખુલી રાખી શકાશે.

(૩) નાના મોટા દુકાનદારો, ધંધા વ્યવસાયકારોની માર્કેટ/માર્કેટ કોમ્પેલક્ષ સિવાયની દુકાન ચાલુ રાખવા નીચે મુજબનો સમય નિયત કરવામાં આવેલ છે.

| ક્રમ | આવશ્યક ચીજ/વસ્તુઓની વિગત | આ જાહેરનામાથી સેવાઓ શરૂ રાખવાનો સમયગાળો |
|---|---|---|
| (૧) | છુટક દુધના ફેરીયાનો સમય | સવારે ૯-૦૦ કલાક સુધી<br>સાંજના ૫-૦૦ કલાક થી ૮-૦૦ કલાક સુધી |
| (૨) | દુધની ડેરી અને ડેરી પાર્લર ખુલ્લી રાખવાનો સમય | બપોરે ૧-૦૦ કલાક સુધી<br>સાંજના ૫-૦૦ થી ૮-૦૦ કલાક સુધી |
| (૩) | શાકભાજી માર્કેટના દુકાનદારોએ માર્કેટ બંધ રાખીને શાકભાજી અને ફળો વિવિધ વિસ્તારમાં રેકડી ફેરવીને વિતરણ કરવું. | બપોરે ૧-૦૦ કલાક સુધી |
| (૪) | મેડીકલ સ્ટોર | આખો દિવસ |
| (૫) | પશુ આહાર (ખરીદ-વેચાણ) | માર્કેટીંગ યાર્ડ ખાતે બપોરે ૧-૦૦ કલાક સુધી |
| (૬) | અન્ય તમામ નાના મોટા દુકાનદારો, ધંધા વ્યવસાયકારોની દુકાનો માટે | બપોરે ૧-૦૦ કલાક સુધી |

જિલ્લા મેજીસ્ટ્રેટ ની કચેરી પોરબંદર




Scanned with CamScanner

આ કચેરીના વંચાણે ક્રમ-૫ના તા.૨૦/૦૪/૨૦૨૦ તથા તા.૨૪/૦૪/૨૦૨૦, તા.૨૫/૦૪/૨૦૨૦ની અન્ય વિગતો આ હુકમને અસંગત ન હોય ત્યાં સુધી યથાવત રહેશે.

આ હુકમની બજવણી કરવી વ્યક્તિગત રીતે શક્ય ન હોય એકતરફી હુકમ કરવામાં આવે છે. તથા આ હુકમની જાહેરાત વર્તમાન પત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલીવીઝન, કેબલ ટીવી નેટવર્ક તથા લોકો એકત્રિત થતા હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને તથા રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજ તારીખ ૨૬મી માહે એપ્રિલ-૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

(ડી.એન.મોદી)
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર

પ્રતિ,
મેનેજરશ્રી,સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતું, રાજકોટ
-- ઉકત જાહેરનામું રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૧૦(દસ) નકલો અત્રે મોકલી આપવા વિનંતી.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:-</u>

1. માન.અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
2. માન.અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
3. માન.સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.

<u>નકલ જય ભારત સહ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ : -</u>

1. મે.જિલ્લા ન્યાયધીશશ્રી, જિલ્લા ન્યાયાલય પોરબંદર તરફ
2. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર તરફ
3. પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફ --- પ્રસિધ્ધી કરવા/કરાવવા તેમજ અમલવારી કરાવવા સારૂં.

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે: -</u>

1. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી પોરબંદર
2. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીશ્રી, પોરબંદર અને કુતિયાણા
3. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (ગ્રામ્ય/શહેર), પોરબંદર
4. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, પોરબંદર .
   --- આ જાહેરનામાની જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા તથા સમગ્ર જીલ્લાના વિસ્તારોમાં રોગચાળો ફેલાતો અટકાવવા આરોગ્ય વિષયક જરૂરી કાર્યવાહી કરવા તથા સબબ, જાહેરનામાંની અમલવારી સુનિશ્ચિત કરાવવા જરૂરી પગલાં લેવા સારૂ.)
5. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ/પંચાયત), પોરબંદર
6. જીલ્લા પુરવઠા અધિકારીશ્રી પોરબંદર
7. નાયબ વન સંરક્ષકશ્રી, પોરબંદર
8. મદદનીશ કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયામક તંત્ર, પોરબંદર
9. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.વિભાગ, જુનાગઢ (મારફત ડેપો મેનેજરશ્રી, પોરબંદર)
10. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી, પોરબંદર(શહેર/ગ્રામ્ય), રાણાવાવ, કુતિયાણા તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર, રાણવાવ, કુતિયાણા તરફ અમલ કરવા સારૂ.
11. સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, પોરબંદર તરફ
12. ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, નગરપાલીકા, પોરબંદર, છાંયા, રાણાવાવ, કુતિયાણા તરફ અમલ કરવા સારૂ.
13. સબંધિત થાણા અમલદારશ્રીઓ, તમામ તરફ.(પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર મારફત)
    પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી તેના પંચરોજકામની નકલ આપના રેકર્ડ પર રાખવા સારૂ.
14. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,માધ્યમિક/પ્રાથમિક પોરબંદર તરફ
15. સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, પોરબંદર તરફ .સ્થાનિક વર્તમાન પત્રો, દૈનિક સમાચાર પત્રોમાં હુકમ વિના મુલ્યે પ્રસિધ્ધ કરી અત્રે નકલ મોકલવા નોંધ લેવા સારૂ.

c:\users\acer\desktop\covid-19\26-04-2020 ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન.docx

જીલ્લા મેજીસ્ટ્રેટ ની કચેરી પોરબંદર

Scanned with CamScanner